ગુજરાત વિકાસ સેવા વર્ગ–૨ માં થી
ગુજરાત વહીવટી સેવા ર્ગ–૧ માં બઢતી
આપવા માટે ખાતાકીય પસંદગી સમિતિ
<u>ની રચના કરવા બાબત.</u>

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક:– ઈએસઆર/૧૦૨૦૦૬/૪૫૮૫/ઝ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ [redacted] JAN 2007

<u>વંચાણે લીધા :–</u>

(૧) સા.વ.વિ.નો તા: ૧૧/૧૦/૨૦૦૬ નો ઠરાવ ક્રમાંક: એસએલટી/૧૦૮૭//૭૪૫/ગ(૨)
(૨) પં.ગ્રા.ગૃ.નિ.અને ગ્રા.વિ.વિ. નો તા: ૨૮/૫/૦૪નો ઠરાવ ક્રમાંક:ઈએસઆર/૧૦૯૯/૨૬૮૪/ઝ

<u>ઠ રા વ :–</u>

સામાન્ય વહીવટ વિભાગના ક્રમ–૧ ના વંચાણે લીધેલ ઠરાવથી વર્ગ–૧ અને તેની ઉપલી કક્ષાની જગ્યાઓ ઉપર બઢતી માટે પસંદગી યાદીઓ તૈયાર કરવા ગુજરાત જાહેર સેવા આયોગ અને સરકાર નું સંયુક્ત પ્રતિનિધિત્વ ધરાવતી સંયુકતપસંદગી સમિતિની રચનાનો સામાન્ય વહીવટ વિભાગ નો તા: ૧૮/૪/૯૫ નો ઠરાવ ક્રમાંક: એલએલટી/૧૦૮૭/૭૪૫–ગ(૨) રદ કરવાનું ઠરાવેલ છે. અને આ સમિતિ રદ થતાં હવે વર્ગ–૧ અને તેની ઉપલી કક્ષાની જગ્યાઓ પર બઢતીઓ માટે પસંદગી યાદી તૈયાર કરવા માટે સચિવાલયના વિભાગો હેઠળ જે તે જગ્યાઓ માટે ખાતાકીય પસંદગી સમિતિની ભલામણો મેળવવાની રહેશે તે મુજબ ઠરાવેલ છે.

૨. વંચાણે લીધેલ ક્રમ–૨ ના ઠરાવથી ગુજરાત વહીવટી સેવા વર્ગ–૨ માં થી ગુજરાત વહીવટી સેવા વર્ગ–૧ માં બઢતી આપવા માટે ૧૦ થી ઓછી જગ્યાઓ પર બઢતી માટેની પસંદગી યાદી તૈયાર કરવા ખાતાકીય પસંદગી સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિ હવે રદ કરવાનું ઠરાવવામાં આવે છે.

૩. આથી આ વિભાગ હેઠળ ગુજરાત વિકાસ સેવા વર્ગ–૨ માં થી ગુજરાત વહીવટી સેવા વર્ગ–૧ માં બઢતી આપવા પસંદગી યાદી તૈયાર કરવા નીચે મુજબની ખાતાકીય પસંદગી સમિતિની રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) અધિક મુખ્ય સચિવ શ્રી / અગ્ર સચિવશ્રી
સચિવ શ્રી, પંચાયત ,ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામ વિ.વિભાગ, ....અધ્યક્ષ

(૨) વિકાસ કમિશ્નર શ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર ....સભ્ય

(૩) સંયુકત સચિવશ્રી(સેવા)/ નાયબ સચિવશ્રી(સેવા) ....સભ્ય

સામાન્ય વહીવટ વિભાગ

૪. આ સમિતિ ગુજરાત વિકાસ સેવા વર્ગ-૨ માં થી ગુજરાત વહીવટી સેવા વર્ગ-૧ માં બઢતી માટે પસંદગી યાદી તૈયાર કરશે અને બઢતી માટે ભલામણો કરશે જે અન્વયે સરકાર શ્રીની મંજુરી મેળવ્યા બાદ તે પસંદગી યાદી ગુજરાત જાહેર સેવા આયોગ ને પરામર્શ માટે રજૂ કરવાની રહેશે અને આયોગના પરામર્શ બાદ પસંદગી યાદી પરની ભલામણ અન્વયે ની આગળની કાર્યવાહી કરવાની રહેશે.

ગુજરાત ના રાજ્યપાલ શ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.એન.દવે)
સંયુકત સચિવ,
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

પ્રતિ,

-રાજ્યપાલશ્રીના સચિવશ્રી – રાજભવન– ગાંધીનગર(પત્ર દવારા)
-માન.મુખ્યમંત્રીશ્રીના નાયબસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
-માન.મંત્રીશ્રી(પં)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
-માન.રાજ્યકક્ષા ના મંત્રી શ્રી(પં) ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર

-સચિવ શ્રી ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ (પત્ર દવારા)
-અ.મુખ્ય સચિવ શ્રી (ક.ગ)સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય, ગાંધીનગર
-અગ્ર સચિવ શ્રી (પં)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-અગ્રસચિવશ્રી મહેસુલ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
-વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય,સચિવાલય, ગાંધીનગર
-સંયુકત સચિવશ્રી(સેવા)સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
-સેકશન અધિકારી શ્રી,સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
-શાખા પસંદગી ફાઈલ
-ના.સે.અધિકારી પસંદગી ફાઈલ

આદમ-૧.ઈએસઆર-૪૫૮૫-જ બ્રિસ્તી

* RMC / 1.ESR.4585.JH

રવાના
19 JAN 2007